



## મોડાસામાં મુસ્લિમ બિરાદરોએ મોહરમની ભાવપૂર્વક ઉજવણી કરી

મોડાસા શહેરમાં શુક્રવારે તાજીયાનું મોડાસા નગરમાં કસ્બા સમાજના બિરાદરો દ્વારા જુલુસ નીકાળી શહેરના માર્ગો પર ફેરવવામાં આવ્યું હતું. તાજીયા જુલૂસમાં માનવ મહેરામણ ઉમટ્યું હતું. મોડાસાના પ્રમુખ સુભાષ શાહ, કોર્પોરેટરો અને રથયાત્રા સમિતિ સહીત જીવદયાપ્રેમી નિલેશભાઈ જોશી દ્વારા ઘોરીઓના ચોકમાં તાજીયા કમિટીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવતા કોમી એખલાસના દ્રશ્યો સર્જાયા હતા. જીલ્લા પોલીસતંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. મોહરમ પર્વમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જીલ્લા પોલીસવડા મયુર પાટીલના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસઅધિક્ષક ફાલ્ગુનીબેન પટેલ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરાયું હતું.

# ડીસામાં મોહરમ નિમિત્તે તાજિયાના જુલુસ નીકળ્યા

ડીસા માં મોહરમ નિમિતે ભવ્ય તાજીયા ના ઝુલુસ નીકળ્યા હતા જેમાં નાના મોટા ૮તાજીયા નીકળ્યા હતા જે ઝુલુસ ડીસા ડોલીવાસ થી લેખરાજ ચાર રસ્તા થઈ જૂની શાકમાર્કેટ થઈ જૂની પોલીસે લાઈન થઈ મીરમોહલા થઈ ગવાડી કબ્રસ્તાન ખાતે તાજીયા ને દફન કરવામાં આવ્યા હતા આ પ્રસંગે હઝરત સૈયદ મહમદઅલી બાવાએ જણાવ્યું કે ઈસ્લામ ધર્મ ના સ્થાપક અને મહાન પયગમબર હઝરત મહમદ પયગમ્બર સાહેબ ના દો હી ત્ર હઝરત ઈમામ હુસેને પોતાના ૭૨ સાથીઓ સાથે સત્ય ખાતર યઝીદો સામે લડાઈ લડી શહીદી વોહરી લીધી હતી જેની યાદ માં મોહરમ મનાવવામાં આવે છે ઝુલુસ માં નવ જુવાનિયાઓ પોતાના શરીર ઉપર ટ્યુબ લાઈટ ફોડી તથા ગાલ માં થી આર પાર સળિયા ઘૂસાડી તથા શરીર ઉપર તલવાર ના ઝટકા મારી માતમ મનાવ્યો હતો.

આ પ્રસંગે મુસ્લિમોએ સતત બે દિવસ રોઝા રાખી ઈબાદત ગુજારી હતી જયારે મીરમોહલા ત્રણ બત્તી તથા બડાપુરા તથા હુસેની મહેલ પર યુવાનો દ્વારા સરબત પીવડાવતા નજરે પડ્યા હતા જયારે બડા પુરા મક્કા મસ્જિદ માં સતત ૧૦,દિવસ સુધી મોલાનાં શોકત અલી અકબરીએ કરબલા નાબયાન અને હઝરત ઈમામહુસેન ની શહીદી ની યાદ અપાવતા લોકો ના આંખ માં આસું આવી ગયા હતા જયારે આજે સવારે ડીસા ની દરેક મસ્જિદોમાં કુરાનખવાની અને નિયાઝ શરીફ રાખવામાં આવી હતી આ પ્રસંગે હઝરત સૈયદ હસનઅલી બાવા એ જણાવ્યું કે હઝરત ઈમામ હુસેને આપેલી કુરબાનીને જીવંત રાખી તેમના ગુણો જીવનમાં ઉતારવા અપીલ કરી હતી આ પ્રસંગે ડીસાના હઝ્ઝરો મુસ્લિમોએ રોઝા નમાજ પઢી ઈબાદત ગુજારી હતી

## પ્રાંતિજના દલપુર પાસે બસચાલકે પદયાત્રીને અડફટે લેતા પદયાત્રીનું ઘટના સ્થળે કમકમાટીર્યુ મોત

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલપુર પાસે રાત્રીના સમયે બસ ચાલકે પદયાત્રીને અડફટે લેતા ખેડાના ગોવિદપુરાના પદયાત્રીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત.

પ્રાંતિજના દલપુર પાસે અંબાજી તરફ પગપાળા જઈ રહેલ રમણભાઈ વિરચંદ ઓડ ઉ.વર્ષ-૩૫ રહે. ગોવિદપુરા જી.ખેડાના પદયાત્રી પ્રાંતિજના દલપુર નેશનલ હાઈવે આઠ ઉપરથી પગપાળા જઈ રહ્યાં હતાં તે સમયે રાત્રીના અચાનક એસ.ટી.બસ નંબર-જીજે૧૮ઝેડ-૨૩૭૫નો ચાલક બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લાવી રમણભાઈને અડફેટે લેતા તેવોને શરીરે તથા માથાના ભાગે ઈજાઓ પહોચતા તેવોનુ ઘટના સ્થળે કરુણ મોત નિપજ્યું હતું તો આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને બળદેવભાઈ ભુરાભાઈ ઓડ ઉ.વર્ષ- ૩૮ રહે.દલપુર નાઓએ પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે જઈને બસચાલક વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી.






## દાંતા-રતનપુર નજીકના જય જલિયાણ સેવા કેમ્પ પર પદયાત્રિકોનો ઘસારો

યાત્રાધામ અંબાજી ખાતે શરૂ થયેલ ભાદરવી પૂનમના મહામેળામાં માઈભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યુ છે અને પદયાત્રિકોની સેવા માટે કાર્યરત સેવા કેમ્પમાં પણ સેવાભાવી કાર્યકરો ખડેપગે ભાવિકોની સેવા કરી રહ્યા છે. આ મેળામાં સૌથી મોટા કેમ્પ તરીકે જાણીતા બનેલા દાંતા નજીકના રતનપુર પાસેના જય જણીયાણ ફાઉન્ડેશન સંચાલિત જય જલિયાણ કેમ્પમાં યાત્રિકોને મિષ્ઠાન સાથેનું ભોજન, ચા-નાસ્તો તેમજ મેડિકલ સેવા પૂરી પડાય છે. છેલ્લા ૧૨ વર્ષથી ચાલતા જય જલિયાણ સેવા કેમ્પમાં યાત્રિકોને અનેક વિધ સેવાઓ પૂરી પડાય છે. છેલ્લા ૨ દિવસથી શરૂ થયેલ આ સેવા કેમ્પમાં હજારો યાત્રિકો ભોજન પ્રસાદનો લાભ લઈ રહ્યા છે. ૪૦ હજાર ફુટના વિશાળ શમિયાણા સાથેના આ કેમ્પમાં ભોજન અને રાત્રી રોકાણ માટે અલગ-અલગ વ્યવસ્થા ગોઠવાઈ છે. સાથે સાથે રોજ રાત્રે લાઈવ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી યાત્રિકોને નિર્દોષ મનોરંજન પણ પુરૂ પડાય છે. આ કેમ્પમાં પ્રથમ દિવસે ગુરુવારે રાત્રે પ્રસિદ્ધ ગાયિકા કાજલ મહેરિયા આ સેવા કેમ્પના મહેમાન બન્યા હતા. તેઓએ પોતાના સૂરીલા અંદાજમાં રાસ-ગરબાની રમઝટ મચાવી પદયાત્રિકોને ભાવવિભોર કરી દીધા હતા. પાંચ દિવસ સુધી ચાલનાર આ સેવા કેમ્પમાં લાખો માઈ ભક્તો સેવાનો લાભ લે છે. વિવિધ ક્ષેત્રોના આગેવાનો પણ આ કેમ્પની મૂલાકાત લઈ કેમ્પના આયોજકોના સેવા કાર્યને બિરદાવી રહ્યા છે.

### અરવલ્લી જિલ્લા પોલીસે રેડ કરી બે ખાનગી મકાનમાંથી

# રાંધણગેસનો કાળો કારોબાર ઝડપી પાડી ૧૬ બોટલ જપ્ત કરાયા

મોડાસા, તા. ૨૧

અરવલ્લી એસ.ઓ.જી પોલીસે રેડ કરી ગેરકાયદેશર પાસ



પરમીટ વગરના ૧૬ રાંધણ ગેસના બાટલા બે ખાનગી મકાનનોમાંથી ઝડપી પાડ્યા છે. જેમાં મોડાસા ગામતળ વિસ્તારમાં આવેલ કડીયાવાડના નાકે રહેતા કિરીટભાઈ ચીમનલાલ ભાવસારના મકાનમાંથી સરકારી સબસડીવાળા જુદી જુદી કંપનીના ૫ બોટલ તેમજ જગદીશભાઈ પ્રાતાપસીંહના ભાવસારવાડાના નાકેઆવેલ મકાનામાંથી ૧૧ બોટલ ઝડપી પાડવામાં આવેલ છે. મળતી માહિતી અનુસાર આ રાંધણ ગેસના બાટલાનો ગેર કાયદેશરરીતે કાળા બજારમાં વેચવામાં આવતા હતા. આ બાટલાઓની કુલ કિમંત રૂ. ૪૭૦૦૦ આંકવામાં આવી છે. આ અંગે સંબધીત ખાતા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે દેશી દારૂ મળતા ખળભળાટ

ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામેથી દેશી દારૂ ૧૦ લિટર મળી આવતા પોલીસની દારૂબંધીના કડક અમલ સામે પ્રશ્નાર્થ મુકાઈ જાય છે. ગુજરાત સરકાર તથા ઠાકોર સેના જ્યારે દારૂબંધી માટે મોરચા કાઢે છે અને ગુજરાત સરકાર દારૂબંધીના અમલ માટે પોલીસને કડક સૂચનો આપે છે ત્યારે જ્યારે જિલ્લાના પોલીસ વડા પણ દારૂબંધીના કડક અમલ માટે કમર કસે છે. ત્યારે ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામેથી દેશી દારૂ મળી આવતાં ખળભળાટ પામી ગઈ હતી. તથા ધનસુરા તાલુકામાં આજુબાજુના ગામડાઓમાં દારૂડિયાઓ લથ્થડીયા ખાતં પ્રજાજનોને જોવા મળે છે. પણ પ્રશ્નાર્થ એ છે કે પોલીસને પીધેલા દારૂડિયાઓ જોવા મળતા નથી તથા અજાણ રહે છે. ધનસુરામાં તાલુકામાં નજીકના ગામડાઓમાં ઉચ્ચ અધિકારીઓ બીટ જમાદાર ઉપર ભરોસો રાખ્યા વિના વીજીલન્સ રેડ પાડવામાં આવે તો ધનસુરા ગામ તથા આજુબાજુના ગામમાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ થાય છે. ગામડાઓમાં પીધેલી હાલતમાં ફરતા દારૂડીયાઓની પણ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. દેશી દારૂના વેપલા બંધ થાય તો યુવાધન આ બદીથી મુક્ત થાય તેવું તાલુકાની જનતા ઈચ્છી રહી છે. જ્યારે આજરોજ આકરૂન્દ ગામેથી દારૂ વેચતી મહિલા મીનાબેનને દારૂ સાથે ધનસુરા પોલીસ સ્ટેશન લાવી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## રણાવાડા(જા) ખાતે મોમાઈ માતા મંદિરે યજ્ઞ યોજાયો

આજરોજ કાંકરેજ તાલુકાના રાણાવાડા(જા) ખાતે રાવલ ભ્રાહ્મણ પરિવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજીના મંદિરે પરિવાર દ્વારા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભ્રાહ્મણ પંડિતોદ્વારા મંદિરના પ્રાગંણમા હવન કુંડીઓ બનાવી અને હવન કરવામાં આવેલ ત્યારે પંડિતો દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવેલ. આ યજ્ઞ મા રાવલ પરિવારના લોકોઅને ગામ લોકો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા.

## તલોદની ટ્રિનિટી સ્કૂલનું ગૌરવ, વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ

તલોદ, તા. ૨૧

વલભી શાળા વિકાસ સંકુલ પ્રાંતિજ-તલોદ સંકુલ કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન ટ્રિનિટી સેકન્ડરી સ્કૂલ તલોદ ખાતે યોજવામાં આવેલ હતું. જેમાં ટ્રિનિટી સેકન્ડરી સ્કૂલ તલોદ વિભાગ ૧ અને ૨ માં આશુ પબરેજા, ધૃપલ બારોટ, જયશ્રી ઝાલા, શ્રેયા ઝાલા અને ક્રિષા પ્રજાપતિએ ભાગ લઈ બંને કૃતિમાં પ્રથમ નંબર મેળવેલ છે. આચાર્ય એસ.વી. સુથાર, વિજ્ઞાન શિક્ષક દિપીકાબેન પટેલે વિદ્યાર્થીનિઓને અભિનંદન પાઠવ્યા હતા. જિલ્લાકક્ષાનો ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ઈડર મુકામે યોજાનાર છે.

## તલોદની ટ્રિનિટી સ્કૂલમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

વલભી શાળા વિકાસ સંકુલ પ્રાંતિજ-તલોદ સંકુલ કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન શ્રી શારદા એજ્યુકેશન ટ્રસ્ટ તલોદ સંચાલિત ટ્રિનિટી સેકન્ડરી સ્કૂલ તલોદ ખાતે આર.એલ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ. જેમાં રમણીકભાઈ પટેલ, ડૉ. કિરીટભાઈ પટેલ તેમજ શિક્ષણ તાલીમ ભવનના ડૉ. મદનસિંહ ચૌહાણ, આચાર્ય સંઘના પ્રવક્તા પી.કે. પટેલ, આચાર્ય સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્ય વિષય જીવનના પડકારો અને વૈજ્ઞાનિક ઉપાયો અન્વયે ૭૫ જેટલી વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. પ્રાંતિજ-તલોદ વિભાગના ૧૦ શિક્ષકોએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. સંચાલન અને આભારવિધિ પી.ડી. ચૌહાણે કરી હતી. શાળા પરિવારે સફળતા માટે જહેમત લીધી હતી.

## ખેડબ્રહ્મા કોલેજ દ્વારા યુવા મતદાર મહોત્સવ-૨૦૧૮ યોજાયો

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં કોલેજમાં ચાલતા રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) વિભાગ અને મામલતદાર કચેરી




ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૮ને ગુરૂવારના રોજ મતદાર જાગૃતિ અને કેળવણી અભિયાન અંતર્ગત 'યુવા મતદાર મહોત્સવ-૨૦૧૮' યોજાયો. 'મતદાન શ્રેષ્ઠદાન' અનુસાર શ્રેષ્ઠ મતદાન થાય તે હેતુથી આજના યુવાનોને જાગૃત કરવાના હેતુથી આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય એન.ડી. પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. મુખ્ય મહેમાન કૌશિકભાઈ મોદી, પ્રાંત ઓફિસર, ખેડબ્રહ્મા-વિજયનગર, એ આજના ભાવી મતદારોને મતદાન કરવા માટેની યોગ્ય લાયકાત તરીકે મતદાનકાર્ડના મહત્વ વિશે જાણકારી આપી હતી. તદ્ઉપરાંત જી.ડી. ગમાર, મામલતદાર, ખેડબ્રહ્મા, હિપલબેન ભટ્ટ, નાયબ મામલતદાર, રાજેન્દ્રસિંહ પરમાર નાયબ મામલતદાર, બી.એલ.ઓ.-તલાટીઓ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. જે.એસ. રાઠવા તથા ડૉ. કે. ડી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



## પ્રાંતિજ તાલુકાના ફતેપુર ગામે તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ફતેપુર ગામે આવેલ પ્રાથમિક શાળા ખાતે તાલુકાકક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો હતો. પ્રાંતિજના ફતેપુરા ખાતે આવેલ પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો હતો. બાળકો દ્વારા જુદી-જુદી જાતના પ્રયોગો, વિજ્ઞાની પ્રતિકૃતિઓ વગેરેનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ચેતનભાઈ. વી. પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ અને તેમનામાં રહેલ જ્ઞાનને બહાર લાવવા માટે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલાએ ઉપસ્થિત રહી બાળકોને માર્ગદર્શન આપી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. પ્રાંતિજ તાલુકા શિક્ષક મંડળીના ચેરમેન, બીઆરસી જીગ્નેશભાઈ સહિત ઉપસ્થિત રહ્યાં હતા. વિજ્ઞાન મેળાને સફળ બનાવવા શાળાના શિક્ષકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# ડામોરના મુવાડાનું ગૌચર ખુલ્લું નહિ કરાય તો ઉગ્ર આંદોલનની ચિમકી

### મોડાસામાં રેલી કાઢી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

ધનસુરા, તા. ૨૧

માલપુર તાલુકાના ડામોરના મુવાડા ગામ, જ્યાં ૧૧૦ ઘર છે. જેથી માનવવસ્તી આશરે ૮૦૦ની



છે. ગામમાં ૨૫૦૦થી પણ વધુ વશુધન છે. જેના આશરે ૨૯૫ વિઘા જમીન આવેલી છે. આ ગૌચર જમીનમાં ગામના પશુપાલકો વર્ષોથી પોતાના પશુઓને ચરાવતા હતા જેના કારણે પશુપાલકોને દૂધની સારી આવકના કારણે આર્થીક સ્થિતિ સારી રહેતી. પરંતુ હાલ આ ગૌચરની જમીન ઉપર કેટલાક માથાભારે તત્વોએ કબજો જમાવી દીધો છે. આ તત્વો આ ગૌચરની જમીનમાં ગેરકાયદેસર બિન અધિકૃત રીતે વાવેતર કરી રહ્યા છે. જેને કારણે તેઓ માલામાલ થઈ રહ્યા છે. વળી આ લૂખ્ખા તત્વો એટલા માથાભારે છે કે કોઈ તેમને કંઈ કહી શકતુ નથી. નર્મદા કેનાલની પાઈપલાઈનમાં ગેરકાયદેસર હોલ પાડી ખુલ્લેઆમ પાણી મેળવે છે, આ ગામના લોકોએ મોડાસા ખાતે રેલી કાઢી કલેક્ટરને આવેદન આપેલ છે. જેમાં ન્યાય નહિ મળે તો ઉગ્ર આંદોલનની ચિમકી પણ આપી છે.

ગામના લોકોએ ગૌચરની જમીન ખુલ્લી કરાવવા આ અગાઉ ઉચ્ચકક્ષા સુધી મૌખિક અને લેખિત રજુઆત કરવા છતાં કોઈ પરિણામ ન આવતા ન છૂટકે પોતાના વહાલસોયા પશુધનના ચારા માટે મોડાસા જંગી રેલી કાઢી ગામલોકોની સહી સાથે કલેકટરને આવેદનપત્ર પાઠવી સ્પષ્ટ જણાવેલ છે કે જો અમને ન્યાય નહિ મળે તો અમારા ગામના ગૌચરનું દબાણ દૂર કરવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલન સાથે જરૂર પડે તો ભૂખ હડતાલ ઉપર બેસીશુ. સરકાર ગૌચરમાં દબાણ દૂર કેમ નથી કરાવતી તે પ્રજાને સમજાતુ નથી. આ ગામના લોકોના આક્રોશ સાથે જણાવે છે કે જો અમને ન્યાય નહિ મળે તો આવનાર લોકસભાની ચૂંટણીમાં અમે અમારો પરચો બનાવી દઈશુ. ગૌચરનું ગેરકાયદેસર દબાણ દૂર કરાવવા જવાબદાર અધિકારીઓ કેમ ડરે છે તે પ્રજાને સમજાતુ નથી.

## તલોદમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૨૧

તલોદ પશુ દવાખાનામાં આવેલા પાલિકાના કોમ્યુનિટી હોલમાં મામલતદાર વી.એ. ખાંટની આગેવાની હેઠળ સેવાસેતુ કાર્યક્રમ ગુજરાત સરકારની રાહબરીમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પાલિકા ઉપ પ્રમુખ તેજસિંહ ઝાલા જેવા અનેક મહાનુભાવોની હાજરીમાં દિપ પ્રાગટ્ય કરી સેવાસેતુ પ્રારંભમાં ઘાસકિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા સરળતાથી ગ્રાહકોને સ્થળ ઉપર જ આવકના દાખલા, જાતિ અંગેનું પ્રમાણપત્ર, રેશનીંગ કાર્ડ, વય વંદના સહાય, વૃદ્ધા સહાય, આરોગ્ય અંગેનું પ્રમાણપત્ર, ડોમેસરી સર્ટી, ક્રિમીનલ સર્ટી, આધારકાર્ડ તેમજ તલોદ પાલિકાના વિવિધ દાખલા, હેલ્થ ઓફીસરો, સમાજકલ્યાણ વિભાગ જેવા પાલિકામાં લાગતા તમામ વિભાગોની હાજરીમાં વહેલી સવારથી જ ગ્રાહકોની લાંબી કતારો લાગી ગઈ હતી. જેમાં મામલતદાર કચેરીના સુત્રો દ્વારા ૨૫૦૦ જેટલા ગ્રાહકોએ ભાગ લઈ સફળતા મેળવી હતી.

સેવાસેતુ કાર્યક્રમમાં નાયબ મામલતદાર બી.કે. શાહ, પુરવઠા અધિકારી એન.બી. રાઠોડ, સર્કલ ઓફીસર એમ.એસ. મેમણ, પાલિકાના કર્મચારીગણ, હેલ્થ કચેરી અને વિવિધ દાખલા અને પ્રમાણપત્રો અને ફોર્મની સરળ વ્યનવસ્થા માટે સ્ટેમ્પ વેન્ડરો હાજર રહી જહેમત ઉઠાવી સફળ કાર્યક્રમ બનાવ્યો હતો. જેમાંસરકારના ભામાશા જેવા અગત્યના લાભાર્થીઓ વંચિત રહ્યા હતા. જેની ગ્રાહકોની સેવાસેતુ કાર્યક્રમમાં અજાણ હોવાનુંજણાવાયુંહતું.

## દુઃખદ અવસાન

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ખેરાડી ગામના સહકારી



આગેવાન જેસીંગભાઈ રામાભાઈ પટેલ, પુર્વ ડીરેક્ટર, સાબર ડેરી, હિંમતનગર અને જગદીશભાઈ રામાભાઈ પટેલ, દેવાંશુ કિસાન સેવા કેન્દ્રના માતૃશ્રી રતનબેન રામાભાઈ પટેલનું ૨૦/૯/૨૦૧૮ ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતનુંબેસણું ૨૩/૯/૨૦૧૮ ને રવીવારના રોજ ખેરાડી નિવાસસ્થાન ખાતે રાખેલ છે.